**ફોજદારી અપીલ નં. ૬૬/૨૦૨૫ ના કામે આંક–૫ હેઠળ હુકમ ::–**

(૧) આ કામના અરજદાર/એપેલેન્ટ, મુળ આરોપી સામે જૂનાગઢના વિ. ત્રીજા એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં ફોજદારી કેસ નં. ૪૩૦૮/ ૨૦૨૩ ના કામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ગુણદોષ ઉપર ચાલી જતા જૂનાગઢના વિ. ત્રીજા એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીએ તા. ૧૮–૦૪–૨૦૨૫ ના રોજ ઠરાવ આપી એપેલેન્ટ/ આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી ૨ (બે) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો તથા આરોપીએ ફરીયાદીને ચેકની રકમની બમણી રકમ રૂા. ૬,૦૦,૦૦૦/– વળતર ચુકવવાનો હુકમ કરેલ છે તે હુકમથી નારાજ થઈ આરોપીએ અત્રેની અદાલતમાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૧૫ અન્વયે અપીલ દાખલ કરેલ છે અને હાલની અરજીથી જૂનાગઢના વિ. બીજા એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીએ તારીખ ૧૮–૦૪–૨૦૨૫ ના આપેલ ઠરાવ અને હુકમની અમલવારી સ્થગીત કરવા અને એપેલેન્ટને જામીન મુકત કરવા માંગણી કરેલ છે.

(૨) ઉપરોકત અરજી અન્વયે પક્ષકારોના વિ. વકીલશ્રીને સાંભળ્યા. નીચેની અદાલતનો હુકમ તથા ચૂકાદો વંચાણે લીધો. આ અપીલ ચાલતા લાંબો સમય જાય તેમ છે અને ટ્રાયલ અદાલત ધ્વારા કરવામાં આવેલ સજાની માત્રા લક્ષમાં લેતા નીચેની અદાલતનુ રેકર્ડ મંગાવવાપાત્ર જણાય છે તે સંજોગોમાં આ અપીલનો નિર્ણય થતા સુધી ટ્રાયલ અદાલત ધ્વારા કરવામાં આવેલ સજાનો હુકમ મોકુફ રાખવાપાત્ર છે ત્યારે એપેલેન્ટે ચેકની રકમના ૨૦ % રકમ જમા કરાવ્યેથી તથા એપેલેન્ટ /આરોપીને રૂા. ૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન અને તેટલી જ રકમના જાતમુચરકા નીચેની શરતોને આધિન નીચેની કોર્ટમાં રજુ કર્યેથી અપીલના આખરી નિકાલ સુધી જામીન મુકત કરવા હુકમ કરવામાં

આવે છે અને તે શરતો મુજબ ટ્રાયલ કોર્ટના હુકમનો અમલ સજા અને વળતર સબંધી મોકુફ રાખવામાં આવે છે.

**<u>શારતો ::–</u>**

(૧) એપેલેન્ટ/આરોપીએ અપીલના કામે જરુર પડયે હાજર રહેવાનુ રહેશે.

(૨) અપીલના આખરી નિકાલ સુધી કોઈ ગુન્હાહીત પ્રવૃતિ કરશે નહીં અને ફરીયાદપક્ષને, ફરીયાદ સબંધી કોઈ મનદુ:ખ રાખી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ધાક–ધમકી આપવી નહીં.

(૩) એપેલેન્ટ/આરોપીએ ચેકની રકમના ૨૦ % રકમ નાઝીરશ્રી, ડીસ્ટ્રીકટ કોર્ટ, જૂનાગઢમાં જમા કરાવવી.

આ હુકમની જરૂરી યાદી વિ. ટ્રાયલ કોર્ટને કરવી.

હુકમ આજ તા. ૧૬ મી, માહે–મે, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

તા.૧૬/૦૫/૨૦૨૫
જૂનાગઢ.

**(હિતેશ ગીરીશભાઈ દામોદ્રા)**
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.–૦૧૦૦૫)